# બાયડની ૩૦ વર્ષીય મહિલાનું સ્વાઈન ફલુથી ખાનગી હોસ્પિટલમાં મોતથી ફફડાટ

રાજયભરમાં શિયાળામાં સ્વાઈનફલુ નામની મહામારી બીમારી બિલ્લી પગે પ્રસરી રહી છે ત્યારે અરવલ્લી જીલ્લામાં શિયાળાની સિઝનનો સ્વાઈનફલુ નો પ્રથમ કેશ નોંધાતા અને સ્વાઈનફલુ માં સપડાયેલી બાયડની ૩૦ વર્ષીય મહિલાનું અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં મોત નિપજતા જિલ્લાવાસીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે સિઝનનો પ્રથમ કેસ બાયડ નગરમાં મળી આવતા આરોગ્ય વિભાગ પણ હરકત માં આવી ગયું છે અને તાત્કાલિક સર્વેની કામગીરી હાથધરી મહિલાના પરિવારજનો અને સંપર્કમાં આવેલા લોકોને ટેમિફ્લૂ નામની દવા આપવાની કામગીરી હાથધરી હતી.




બાયડની વિવેકાનંદ સોસાયટીમાં રહેતી ૩૦ વર્ષીય ભરવાડ પરિવારની મહિલાને તાવ,શરદી-ખાંસી થતા બાયડની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી પરંતુ તબિયતમાં સુધારો ન થતા અને શ્વાસ લેવામાં તકલીફ જણાતા અને ન્યુમોનિયા અને શંકાસ્પદ સ્વાઈનફ્લુ જણાતા અમદાવાદની કે.ડી. મલ્ટીસ્પેશીયાલીટી નામની ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા મહિલાના સ્વાઈનફ્લુના લક્ષણો જણાતા તબીબે સ્વાઈનફ્લુ નું પરીક્ષણ કરાવતા ૐ૧૬૧ રિપોર્ટ પોઝેટીવ આવતા મહિલાને સઘન સારવાર હાથધરી હતી સારવાર કારાગત ન નીવડતા ત્રણ દિવસ બાદ મોત નિપજતા પરિવારજનોમાં હાહાકાર મચ્યો હતો જીલ્લા આરોગ્ય વિભાગમાં બાયડ ની ૩૦ વર્ષીય મહિલાને સ્વાઈનફ્લુ પોઝેટીવ હોવાની ખાનગી હોસ્પિટલ દ્વારા જાણ કરતા તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા મહિલાના પરિવારજનો અને સંપર્કમાં આવનાર લોકોની માહિતી મેળવી ટેમિફ્લૂ નામની દવા આપવાની કામગીરી હાથધરી પરિવારજનો અને વિવેકાનંદ સોસાયટીના અન્ય રહીશોને શરદી,ખાંસી અને તાવના લક્ષણો ધરાવતા રહીશોને સર્વેલન્સ માં રાખવામાં આવ્યા હોવાનું અને સર્વેની કામગીરી હાથધરી હતી.

અરવલ્લી જીલ્લામાં ગત ચોમાસાની ઋતુમાં શંકાસ્પદ સ્વાઈનફલુ અને સ્વાઈનફલુ થી ૬ થી વધુ લોકોનો મોત નિપજ્યા બાદ સ્વાઈનફલુ નામની બીમારીએ વિરામ લેતા જીલ્લાના પ્રજાજનોએ અને આરોગ્યતંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો ત્યારે ફરીથી શિયાળાની સિઝનનો પ્રથમ કેશ સ્વાઈનફ્લૂનો નોંધાતા અને સ્વાઈનફલુ માં સપડાયેલી ૩૦ વર્ષીય બાયડની મહિલાનું મોત નિપજતા જીલ્લા આરોગ્ય તંત્ર ઉંધા માથે પછડાયું હોય તેવો ઘાટ સર્જાયો છે જીલ્લાના પ્રજાજનોએ આરોગ્ય તંત્ર દ્વારા સ્વાઈનફલુ નામની મહામારી બીમારીના અજગરી ભરડામાં સપડાય નહિ તેમાટે સક્રિય કામગીરી અને સર્વે હાથ ધરવામાં આવેની માંગ કરી હતી.

# પ્રાંતિજના ધડકણમાં ખેડૂત મહાસંમેલન યોજાયું

## એસ.પી.જી રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પટેલનું મજરા ત્રણ રસ્તા પર ડી.જે.ના તાલે ભવ્ય સ્વાગત : ખુલ્લી કારમાં રેલી સ્વરૂપે ૩ કિમી ધડકણ ગામ સુધી પહોચ્યા : ધડકણ ખાતે લાલજી પટેલ નુ સ્વાગત કરવા પાટીદાર સમાજ ઉમટી પડ્યો

પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના ધડકણ ખાતે એસ.પી.જી ના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પટેલ દ્વારા ખેડૂત મહાસંમેલન માં હાજરી આપી હતી તો ખેડૂતો ના પ્રશ્નો તથા અનામત ની માંગ ને લઈને ચાલુ સરકાર ઉપર આકોષ વ્યકત કર્યો હતો.

ધડકણ ખાતે ફાર્મર ડે રાત્રી ના સમયે એસ.પી.જી ના અધ્યક્ષ લાલજી પટેલ, ગૌરાંગ પટેલ, મહામંત્રી પૂર્વીન પટેલ, રાજકોટ ના તેમજ જિલ્લાના ના એસ.પી.જી ના કાર્યકરો કાર્યકર્તાઓ અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં તો અનામત ની લડાઈ માટે શહીદ થયેલા ૧૪ વીરવાઓને શ્રધ્ધાંસુમન અર્પી હતી તો લાલજી પટેલ દ્વારા ચાલું સરકાર ઉપર શબ્દો દ્વારા પ્રહારો કરવામાં આવ્યાં હતાં આ ઝાડી ચામડીની સરકાર છે આજે ફાર્મર ડે હોવા છતાં કોઈપણ ખેડૂત લક્ષી સરકાર દ્વારા જાણ કરી નથી તેમણે વધુમાં જણાવ્યું કે પાટીદાર ભાઈઓ એક થઈ જાઓ અન્ય રાજયોમાં સંગઠન છે તો ગુજરાત માં કેમ નહી કટ્ટીબધ્ધ બનીને સરકાર સામે ઝઝુમવું પડશે જયાં સુધી પાટીદાર સમાજને ન્યાય નહી મળે અને પોષણ ક્ષમ ભાવ નહીં મળે ખેડૂત ની સમસ્યા હલ નહી થાય ત્યાં સુધી સરકાર સામે એસ.પી.જી લડત ચાલુ રાખશે રાજય ના ૧૭થી ૧૮ જિલ્લામા સંગઠન મજબુત કર્યું છે આપણે ૧૪ વિરલાઓ ન્યાય માટે શહીદ થયા પણ સરકાર ન્યાય ન આપી શકી જેથી આવનાર સમયમાં આપણે શકિત પ્રદર્શન બતાવવું પડશે એવું લાલજી પટેલ નું આહવાન તો ગુજરાતમાં સવા કરોડ પાટીદાર છે સાડાત્રણ વર્ષ થી સતત લડાઈ સરકાર સામે આપી છે પણ સરકાર મગના માથે મળી નથી મુકતી આ પ્રસંગે એકત્રીત થયેલ ખેડૂતો અને મહિલાઓએ જય સરદાર ના નાળા લગાવ્યા હતાં તો લાલજી પટેલ કોઈપણ પક્ષ નુ નામ લીધા વિના આકરા પ્રહારો કર્યા હતાં હવે ગાંધીનગર નહી પણ દિલ્હી આપણો અવાજ સંભળાય અને ખેડૂતો ને સાચો ન્યાય મળે તે માટે કટ્ટીબધ્ધ થવું પડશે.



તસવીર : સંજય રાવલ

# ધી જવાહર કન્ઝયુમર્સ કો.ઓપ.સો.લી ફડચામાં લઈ જવાઈ

મહેસાણા, તા. ૨૪

ધી જવાહર કન્ઝયુમર્સ કો.ઓપ.સો.લી મહેસાણાને જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ મહેસાણાને ૧૬ જુલાઈ ૨૦૧૮ના રોજ ફડચામાં લઈ જવાઈ છે.

જેના ફડચા અધિકારી તરીકે ૧૮ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ નિમણુંક કરાઈ છે. આ અંગેના હિત સબંધિતોએ ૩૦ દિવસમાં બ્લોક નં-૩, બીજો માળ જિલ્લા સેવાસદન મહેસાણાનો સંપર્ક સાધવાનો રહેશે તેમ ફડચા અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# મોડાસાના મારડિયા હાઈસ્કૂલથી સુરપુર સુધીનો ૧.૫ કી.મી સુધીના કાચા રસ્તાથી ગ્રામજનો ત્રસ્ત

આઝાદીના ૭ દાયકા બાદ પણ અરવલ્લી જિલ્લાનો અંતરિયાળ વિસ્તાર વિકાસ થી વંચિત છે ગુજરાત સરકાર વાઈબ્રન્ટ સમિટ અને પતંગોત્સવ પાછળ કરોડો રૂપિયાના એંધાણ કરી રહી છે બીજીબાજુ ગતિશીલ ગુજરાતના મોડાસા તાલુકાના મરડીયા સ્ટેશનથી સુરપુર નવો વસવાટ (કોળી) ગામમાં જવાનો ૧.૫ કિલોમીટર ધૂળીયો રસ્તો બનાવવા ધારાસભ્ય,સંસદસભ્ય થી લઈ વહીવટી તંત્રમાં અનેક રજૂઆતો કરવા છતાં પાકો રસ્તો ન બનતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે ગામના જાગૃત યુવાનોના જણાવ્યા અનુસાર રાજ્ય સરકારે ઉત્સવોના નામે થતા કરોડો રૂપિયાના તાયફાઓ બંધ કરી ગુજરાતના અંતરિયાળ વિસ્તારો માં સાચા અર્થમાં પ્રાથમિક સુવિધાઓ ઉપલબદ્ધ કરવાની માંગ કરી હતી.

સુરપુર નવો વસવાટ (કોળી) વિસ્તાર બક્ષીપંચ સમાજની બહુંધી


તસવીર : મેહુલ જોષી

વસ્તી ધરાવે છે જે મરડીયા સ્ટેશન જવા કે આવવા માટે કાચો રસ્તો હોવાથી ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે કાચો રસ્તો હોવાથી બાઈક કે અન્ય સાધન પણ પસાર થઈ શકતું ન હોવાથી ગામનો વિકાસ અટવાઈ ગયો છે ગામમાં કોઈ વ્યક્તિ બીમાર હોઈ કે પછી પ્રસૂતા મહિલા ને સારવાર અર્થે લઈ જવા ભારે જહેમત ઉઠાવવી પડે છે પ્રજાજનોને ઈમરજન્સી સમયે કે મહિલાના ડિલિવરીના અંતિમ દિવસમો ૧૦૮ ઈમરજન્સી સેવાનો પણ લાભ મળતો નથી ગામ ના વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે મરડીયા હાઈસ્કૂલ કે બહાર સ્થળે જવામાં ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે કેટલાક બાળકો તો વાહન વ્યવહારના અભાવે અભ્યાસ પણ પડતો મુકવા મજબુર બન્યા છે.

ગ્રામજનોની આઝાદીના ૭ દાયકા પછી પાકા રસ્તા (રોડ) ની માંગ સામે રાજકારણીઓ અને વહીવટી તંત્ર દ્વારા આંખ આડા કાન કરાતા વારંવાર રજૂઆતો કરી થાકી જતા આગામી સમયમાં પાકા રસ્તાની માંગ સત્વરે સ્વીકારવામાં નહિ આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે હોવાનું જણાવ્યું હતું.

# મોડાસાના નવા (શામપુર) ગામે ધાડપાડુઓ બંધ મકાનમાં ત્રાટકી ૩.૨૫ લાખની ચોરી

શિયાળાની ઋતુ શરુ થતા જ ચોર,તસ્કરો,ઘરફોડિયા ગેંગ કસબ અજમાવવા સક્રિય બને છે મોટે ભાગે શહેરી વિસ્તારોમાં ચોરી લૂંટની ઘટનાને તસ્કર ટોળકી નિશાન બનાવતી હોય છે ત્યારે મોડાસાના નવા (શામપુર) ગામે નરેન્દ્રભાઈ રમણ ભાઈ પટેલના બંધ મકાનને ચોર-લૂંટારુએ નિશાન બનાવી દરવાજાનો નકુચો તોડી તિજોરીમાં રહેલા ૩૨૫૦૦૦ રોકડા રૂપિયાની લૂંટ ચલાવી ફરાર થઈ જતા ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ફફડાટ ફેલાયો છે લૂંટની ઘટનાના પગલે મોડાસા રૂરલ પોલીસ,જીલ્લા એલસીબી અને એસ.ઓજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ચોર-લૂંટારૂઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવા ની ઉગ્ર માંગ કરી હતી.

મોડાસા તાલુકના નવા (શામપુર) ગામના અને અમદાવાદ વસ્ત્રાપુરના સુમેરુ બંગ્લોઝ માં રહેતા નરેન્દ્ર ભાઈ રમણભાઈ પટેલ દવાઓના વેપાર સાથે સાંકળયેલા છે વાર-તહેવારે અને સામાજિક પ્રસંગે વતનમાં આવતા-જતા રહે છે નવા (શામપુર) તેમના બંધ મકાનમાં શનિવારે રાત્રીના સુમારે ચોર-લૂંટારુઓ ત્રાટકી દરવાજા ના તાળા અને નકુચા તોડી ઘરમાં પ્રવેશી ઘરમાં રહેલી તિજોરીઓ તોડી તિજોરીમાં રાખેલા ૫૦૦ ના દરની રોકડ રૂ.૩૨૫૦૦૦/- ની લૂંટ ચલાવી ફરાર થઈ જતા રવિવારે સવારે તેમના કાકાએ ઘરના દરવાજા અને તાળા તૂટેલા જોતા નરેન્દ્ર ભાઈને જાણ કરતા અમદાવાદ થી ઘરે દોડી આવ્યા હતા અને ઘરમાં મુકેલા રોકડ રકમ ગુમ હોવાથી મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા તાબડતોડ પોલીસ કાફલા સાથે ધસી આવી તપાસ હાથધરી નરેન્દ્રભાઈ પટેલની ફરિયાદના આધારે અજાણ્યા ચોર ઈસમો સામે ઈ.પી.કો કલમ ૪૫૭,૩૮૦ મુજબ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.


તસવીર : સંજય રાવલ

# અંતે, ખેડબ્રહ્મા સરકારી ગોડાઉન મેનેજરની વેરાવળમાં બદલી

ખેડબ્રહ્મા અને પોશીના તાલુકા પુરવઠા વિભાગના સરકારી ગોડાઉન મેનેજર તરીકે ફરજ બજાવતા બી.એસ.કટારા છેલ્લા એક મહિનાથી એક યા બીજી રીતે સતત વિવાદમાં રહેતા અને અંતરિયાળ વિસ્તારના ગરીબ આદિવાસીના અન્નમાં ગેરકાયદેસર રીતે કાપ કરી સગેવગે કરવાના કારસ્તાનની પોશીના તાલુકાના જાગૃત નાગરિકો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરાતા તેમજ તાજેતરમાં મગફળીની ટેકાના ભાવે કરવામાં આવી રહેલ ખરીદીમાં પણ ગેરીરીતિ સામે આવતા ઉચ્ચકક્ષાએથી તાત્કાલિક ધોરણે ગોડાઉન મેનેજરની વેરાવળ (સૌરાષ્ટ્ર) માં બદલી કરી દેવાતા પુરવઠા વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓમાં સોપો પડી જવા પામ્યો છે. આવા ભ્રષ્ટ અધિકારીની બદલી કરાતા વારંવાર અનાજ અને ખાંડના દરેક કટ્ટામાંથી ૨ થી ૩ કિલોની ઘટ્ટ થી કંટાળેલા સસ્તા અનાજની દુકાનધારકોમાં રાહતની લાગણી ઉભી થવા પામી છે અને હવે આ સમસ્યામાંથી છુટકારો મળશે એવી આશા પણ ઉભી થઈ છે. આ અંગે ચાર્જમાં આવેલા ગોડાઉન મેનેજર હાલનો સંપર્ક કરતા તેમણે બદલીના કારણ અંગે કઈ કહેવાનો ઈન્કાર કર્યો હતો અને હવે સસ્તા અનાજની દુકાનધારકોને ઘટ્ટની સમસ્યા નહીં રહે અને તેનો ઉકેલ આવી જશે એવો પણ વિશ્વાસ દાખવ્યો હતો.

# પોશીના તાલુકાના લાંબડીયામાં દબાણોના લીધે ટ્રાફિક સમસ્યા વકરી

પોશીના તાલુકાના મોટા વેપારી મથક અને આજુબાજુના નાના-મોટા ૪૦ જેટલા ગામડાઓના વ્યાપારી કેન્દ્ર સમા લાંબડીયા દુકાનધારકો દ્વારા મોટાપાયે દબાણો કરાતા આજુબાજુના ગામોમાંથી વેપાર અર્થે સુધી પોતાનો સમાન ફેલાવવાના લીધે તેમજ દુકાનોમાં માલ ખાલી કરવા અને ભરવા માટે આવતી ગાડીઓ દુકાનની સામે મુખ્ય માર્ગ પર જ લાંબો સમય સુધી પાર્ક કરતા માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો માટે દુકાનોના શેડ ઉતારાવાયા પરંતુ બાકીના મુખ્ય દબાણકર્તાઓને કેમ છાવરવામાં આવે છે તે ગામમાં ચર્ચાસ્પદ મુદ્દો બનવા પામ્યો છે. ગ્રામ પંચાયત દ્વારા કડક કાર્યવાહી કરીને મુખ્ય માર્ગની બંને બાજુની હોટલોના


તસવીર : રમેશ વૈષ્ણવ

આવતી પ્રજા માટે મોટી આફતરૂપ પુરવાર થઈ રહ્યું છે. બહારગામથી આવતા વાહનોને પાર્કિંગ માટે જરા સુધ્ધાં પણ જગ્યા ના રહેતા રોજ બરોજ દુકાનધારકો અને ગાડી માલિકો વચ્ચે પાર્કિંગ બાબતે ખટરાગ થતો રહેતો હોય છે.

લાંબડીયામાં માંડવીચોક થી કોટડા ત્રણ રસ્તા વચ્ચે મુખ્ય માર્ગની બંને બાજુઓ પર હોટલોના મોટા મોટા શેડ સહિત દુકાનધારકો દ્વારા છેક રોડ મોટી હાલાકી ઉભી કરે છે. અને તેના લીધે જ ધીરે ધીરે ગામની અંદરનું માર્કેટ મંદ થવા માંડ્યું હોવાનો પણ લોકોએ વેદના વ્યક્ત કરી છે. આ અંગે ગામના જાગૃત નાગરિકો દ્વારા વારંવાર ગ્રામ પંચાયતમાં રજુઆત કરવા છતાં પંચાયત દ્વારા માત્ર વર્ષમાં એક વાર નોટિસ આપી સંતોષ માનવામાં આવતો હોવાનું જણાઈ રહ્યું છે. તાજેતરમાં ગ્રામ પંચાયત દ્વારા પ્રાથમિકશાળાની લાઈનમાં કેટલીક શેડ અને દુકાનો આગળ કરવામાં આવતા ગેરકાયદેસરના સ્થાયી અને અસ્થાયી દબાણો દૂર કરવામાં આવે તેવું ગામના અને આજુબાજુથી વેપારઅર્થે આવતા લોકો ઈચ્છી રહ્યા છે. આ અંગે સરપંચ વિક્રમભાઈ રાઠોડનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું કે, આ અંગેની કાર્યવાહી ગતિમાં જ છે અને સત્વરે બાકીના બધા જ દબાણો દૂર કરવામાં આવશે.

## અનુકંપાભરી અવિસ્મરણીય કથની....

# પ્રાંતિજમાં ૧૧૮ વર્ષ પહેલાં ભૂખમાં મૃત્યુ પામેલા ૩૦૦ બાળકોને કૂવામાં દફનાવવામાં આવ્યા હતાં અને તેના પર લેખ કોતરાવવામાં આવ્યો હતો

પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લામાં આવેલ પ્રાંતિજ તાલુકો પોતાની પાસે રહેલા પ્રાચીન ખજાનાને કારણે ઐતિહાસિક મહત્વ ધરાવે છે.જેથી પ્રાપ્તિપુરી તરીકે જાણીતા પ્રાંતિજ શહેરમાં રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ ખ્રિસ્તી મિશનરી એટલેકે આઈ.પી. મિશન સંસ્થા કેજે આજે જીવન દ્વારા તરીકે ઓળખાય છે.આમિશનમાં પ્રવેશતાજ સ્થિત સ્મારક અને સ્મારક પર કોતરેલ શિલાલેખ ઈ.સ.૧૯૦૦ માં અંગ્રેજો ના રાજય શાસન કાળ દરમ્યાન રાજય માં ફાટી નિકળેલ ભયંકર પ્લેગ અને તેને કારણે ઉત્પન્ન થયેલ દુષ્કાળ ને પરિણામે મૃત્યુ પામેલા અસંખ્ય માણસો પ્લેગ ના ભરડામાં અને ભૂખનાં માર્યા મૃત્યુ પામ્યા હતાં અને મૃત્યુ પામેલા આ ત્રણસો બાળકો સહિત વૃદ્ધો , સ્ત્રીઓને કબ્રસ્તાન માં એક મોટો કૂવો બનાવી તેમાં દફનાવવામાં આવ્યા અને કૂવાને ચારે બાજુથી ચણતર કરી તેના પર શિલાલેખ કોતરાવવામાં આવ્યો.



આ બાળકો ને કદી ભૂખ નહી લાગે હાલ પણ આ શિલાલેખ તેવી સાક્ષી પુરેછે. આઈ.પી.મિશન મિશનરી ના સંચાલક મુન્નાભાઈ ફાધરે એક મુલાકાત માં સંસ્થાનો ઈતિહાસ

**અહી પોઢેલાં બાળકોને કદી ભૂખ નહિ લાગે**

તેના દસ્તાવેજી પુરાવાઓ સાથે રજુઆત કરતાં જણાવ્યું કે ૧૮૮૦માં અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન ગરીબ લોકોના કલ્યાણ માટે પ્રાંતિજ માં મિશનરીનું કામ શરૂ કરવામાં આવ્યું હતું અને ૧૮૮૫ સુધીમાં ચૂનો-ઈંટો દ્વારા તૈયાર કરવામાં આવેલુંમકાન તે સમયે માત્ર સાત હજારમાં તૈયાર થયું હતું.જેમાં પાંચ હજાર રૂપિયામાં ઈંટો ચૂનો અને કડીયા કામની મજુરી થઈ હતી જયારે બે હજાર રૂપિયામાં બારીબારણાં સુથારી કામ સાથે કુલ-૭૦૦૦ નો ખર્ચ થયો હતો.જયારે અનેક ભુકંપ આવ્યા પણ મકાનની એક પણ ઈંટ આજ સુધી હલી નથી. અને આજે પણ મકાન અડીખમ



છ.જયારે ફાધર ના જણાવ્યા મુજબ ઈ.સ ૧૯૦૦માં અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન રાજયમાં ભયંકર પ્લેગનો રોગ ફાટી નિકળ્યો હતો આજ સમયે દુષ્કાળ ને પરિણામે ભૂખમરા જેવી દયનીય સ્થિતિ ઉત્પન્ન થઈ હતી પ્લેગ તેમજ ભૂખમરાને કારણે અનેક લોકો મુત્યુ પામતા હતાં ભૂખમરાને કારણે અસંખ્ય લોકોએ આ સંસ્થામાં આશ્રય મેળવ્યો હતો. પ્લેગની ભયાનકતા એટલી તીવ્ર હતીકે અનેક બાળકો-વુદ્ધો-સ્ત્રીઓ ક્રમશઃ મૃત્યુના મુખમાં હોમાતા ગયા ખ્રિસ્તી રીત રિવાજ પ્રમાણે કોઈ મરણ પામે ત્યારે મૃત્યુ પામેલા માણસો ને કબર ખોદી દફનાવવામાં આવે પરતું એ સમય દરમ્યાન મૃત્યુ પામનારની સંખ્યા વધતી ગઈ

● અનુસંધાન પાના - ૭ પર

# પ્રાંતિજ કોલેજ ખાતે રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિનની ઉજવણી કરાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના કમાલપુર ખાતે આવેલ શ્રીમતિ એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજ ના ઉપક્રમે રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી. ૨૪મી ડીસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ તરીકે ઉજવવામાં આવે છે જેનાં ભાગરૂપે પ્રાંતિજ ના કમાલપુર ખાતે આવેલ કોલેજ ખાતે ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી તો આ કાર્યક્રમમાં ગ્રાહકો ને ફરીયાદ નુ સમયસર નિવારણ કઇ રીતે કરવું તથા તોલમાપ, ભેળસેળ ની જાગૃતિ રાખવા ફરીયાદ કરતા શું ધ્યાન માં રાખવું વગેરે માહિતી ગ્રાહકહિત સુરક્ષા મંડળના પ્રમુખ નટુભાઈ બારોટ દ્વારા સમજાવીને રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ નું મહત્વ, ગ્રાહક સુરક્ષા કાયદો અને બજારની ખરીદી મા ધ્યાન મા રાખવાની બાબતો અંગેની વિસ્તૃત માહિતી આપી સમજાવ આપી હતી તો ગ્રાહક જાગૃતિ અંગેની પત્રિકાઓની પણ વહેંચવામાં આવી હતી. મહંત સુનિલદાસજી મહારાજ, કોલેજના પ્રિન્સીપાલ ડાૅ.કામેશ્વર પ્રસાદ, પ્રોફેસર રાજુભાઈ પંચાલ, ડાૅ. સતિષભાઈ પટેલ, ડાૅ. કાન્તિભાઈ પ્રજાપતિ સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.